## તાં.૧૬ મેથી ૧૮ જુન સુધી ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી

# સાયન્સ ફેકલ્ટીમાં એફવાયબીએસસીના પ્રવેશ ફોર્મ તા.૧૬ મેથી ભરી શકાશે

વડોદરા,શુક્રવાર

ધો.૧૨ સાયન્સનુ પરિણામ જાહેર થયા બાદ એમ.એસ.યુનિવર્સિટીની સાયન્સ ફેકલ્ટીમાં બીએસસી તથા બીજા વિવિધ કોર્સમાં પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહી ૧૬ મેથી શરુ થશે.

## એફવાયબીએસસી સાથે બીસીએ, એન્વાર્યન્મેન્ટ સાયન્સ, સીએમબી અને એમએસસી માટે પણ પ્રવેશ ફોર્મ ભરવાની કાર્યવાહીનો પ્રારંભ થશે

સાયન્સ ફેકલ્ટીના સૂત્રોના કહેવા પ્રમાણે વિદ્યાર્થીઓ માટે ૧૬ મેથી એમ.એસ.યુનિવર્સિટીની વેબસાઈટ પર પ્રવેશ ફોર્મ ઉપલબ્ધ કરાવાશે.વિદ્યાર્થીઓએ ઓનલાઈન પ્રવેશ ફોર્મ ભરવાનુ રહેશે અને ઓનલાઈન જ ફોર્મ સુપરત કરવાનુ રહેશે.આ ઉપરાંત વિષય પસંદગી પણ ઓનલાઈન જ થશે.આ કાર્યવાહી ૧૮ જૂન સુધી ચાલશે.એ પછી વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાની કામગીરી શરુ થશે.

સાયન્સ ફેકલ્ટીના બીજા કોર્સ બેચલર ઓફ કોમ્પ્યુટર એપ્લિકેશન, એન્વાર્યન્મેન્ટ સાયન્સ અને સેલ એન્ડ મોલેક્યુલર બાયોલોજીના ફોર્મ પણ આ જ સમયગાળમાં વિદ્યાર્થીઓએ ઓનલાઈન ભરીને સુપરત કરવાના રહેશે.આ તમામ કોર્સમાં પ્રવેશ પરીક્ષા થકી એડમિશન આપવામાં આવે છે અને જુલાઈ મહિનાના પહેલા સપ્તાહમાં તેની ઓફલાઈન પ્રવેશ પરીક્ષા યોજવામાં આવશે.

એમએસસીમાં પ્રવેશ મેળવવા માંગતા વિદ્યાર્થીઓ પણ ૧૬ મેથી ફોર્મ ભરી શકશે અને ૧૮ મે સુધીમાં ઓનલાઈન સુપરત કરી શકશે.તેની પ્રવેશ પરીક્ષા પણ જુલાઈ મહિનાના પહેલા સપ્તાહથી લેવામાં આવશે.

### કયા કોર્સમાં એફવાયના વિદ્યાર્થીઓ માટે કેટલી બેઠકો

| | |
|---|---|
| બીએસસી (ગ્રાન્ટેડ) | ૧૦૨૦ |
| બીએસસી(પાદરા, હાયરપેમેન્ટ) | ૪૨૦ |
| બીસીએ(મેન કેમ્પસ) | ૧૨૦ |
| બીસીએ(પાદરા) | ૧૨૦ |
| એન્વાર્યન્મેન્ટ સાયન્સ | ૧૨૦ |
| સીએમબી | ૩૫ |

સાયન્સ ફેકલ્ટીના ડીન પ્રો.કટારિયાનુ કહેવુ હતુ કે ,આ વર્ષે મોડામાં મોડા જુલાઈ મહિના છેલ્લા સપ્તાહમાં એફવાયબીએસસીનુ શિક્ષણ કાર્ય શરુ કરી દેવામાં આવશે.

વડોદરા-શહેર જિલ્લામાં ૩૯૭૬ વિદ્યાર્થીઓ પાસ થયા છે ત્યારે સાયન્સ ફેકલ્ટીની એફવાયબીએસસીની ગ્રાન્ટેડ બેઠકો પૈકી કેમેસ્ટ્રી, ફિઝિક્સ અને મેથેમેટિક્સ વિષયની બેઠકો પર પ્રવેશ માટેનુ મેરિટ આ વર્ષે પણ ઉંચુ રહે તેવી શક્યતાઓ છે.